# ભારતીય જનતા યુવા મોર્ચો

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૮/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- **ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આયોજીત “એન્ટી બ્લેક મની ડે” અંતર્ગત યોજાયેલા સહિ ઝુંબેશના કાર્યક્રમમાં હજારો વિદ્યાર્થીઓ જોડાયા.**
- **યુવાઓએ કેન્દ્રિય મંત્રી માન. શ્રી ડૉ. જીતેન્દ્રસિંહજીની ઉપસ્થિતિમાં “ન્યુ ઈન્ડિયા”નો સંકલ્પ લીધો.**
- **યુવાઓ સાથે નોટબંધીથી થતા લાભો વિશે મંત્રીશ્રીએ વિસ્તૃત ચર્ચા કરી.**

ભારતીય જનતા યુવા મોરચા સુરત મહાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ અને મહામંત્રીઓ શ્રી પંકજ તિવારી તથા મોનિલ ઠાકર એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આજરોજ સુરત મહાનગરમાં કુલ ૯ જેટલા સ્થળોએ “એન્ટી બ્લેક મની ડે” અંતર્ગત સહિ ઝુંબેશનો કાર્યક્રમ યોજાયો હતો. બુધવારે સવારે ૧૦ કલાકે એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, વેસુ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી માન. શ્રી ડૉ. જીતેન્દ્રસિંહજીએ ઉપસ્થિત રહી કોલેજના યુવા વિદ્યાર્થીઓને “એન્ટી બ્લેક મની ડે” વિશે પોતાના વિચારો, સરકારની ઉપલ્બિધઓ

અને નોટબંધીથી થનાર ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. દેશના ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે યુવા વિદ્યાર્થીઓએ "ન્યુ ઈન્ડિયા"નો સંકલ્પ લીધો હતો. મંત્રીશ્રીએ યુવાઓને દેશ માટે કંઈક કરી છુટવાની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમ દરમ્યાન યુવા વિદ્યાર્થીઓએ (૧) લોકતંત્રમાં યુવાઓની ભૂમિકા (૨) નવા ભારતના નિર્માણ માટે યુવાઓ પાસે શું અપેક્ષા છે ? તથા (૩) કાળા નાણાંનો નાશ કરવા યુવાઓ શું યોગદાન આપી શકે ? તેવા પ્રશ્નો મંત્રી શ્રી ડૉ। જીતેન્દ્રસિંહજી સમક્ષ રજૂ કર્યા હતા. મંત્રીશ્રીએ યુવા વિદ્યાર્થીઓના પ્રશ્નો સાંભળી યોગ્ય માહિતી પૂરી પાડી હતી.

"એન્ટી બ્લેક મની ડે" અંતર્ગત યોજાયેલા સહિ ઝુંબેશ કાર્યક્રમમાં શહેર યુવા મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ, મહામંત્રીઓ શ્રી મોનિલ ઠાકર અને શ્રી પંકજ તિવારી, યુવા મોરચાના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં યુવા કાર્યકર્તાઓ તથા હજારો વિદ્યાર્થીઓ જોડાયા હતા.